ગાંધીનગર સમાચાર

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગુરુવારે ધોરણ-૧૨ અને ૧૦ના 'શુભેચ્છા સમારંભ' યોજાયો હતો. શાળાના ટ્રસ્ટી, ડિરેક્ટર, આચાર્ય તથા તમામ શિક્ષકગણ અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને સારા પરિણામ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ગુરુજનોનાં આશીર્વચનો સાથે ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા માટે તૈયાર થયા હતા.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી જ્યોતિબેન મણિલાલ ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન દ્વારા 'ઍન્ડલેસ અપોર્ચ્યુનિટી ઈન આઈટી, વ્હાય સ્ટુડન્ટ્સ આર મૂવિંગ ઈન નોન આઈટી' વિષયે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

બીબીએ કૉલેજ ખાતે સિવિલ ડિફેન્સ દિવસ

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજ તેમજ સિવિલ ડિફેન્સ વિભાગ ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સિવિલ ડીફેન્સ દિવસ ની ઉત્સાહભેર ઉજવણી કૉલેજ ખાતે કરવામાં આવી હતી.

કોલેજના ૭૦ વિદ્યાર્થીઓ આ નાગરિક સંરક્ષણ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. સમગ્ર તાલીમ દરમ્યાન ઓફિસર ઈન કમાંડ સીવીલ ડીફેન્સ ગાંધીનગર-અંજના નિમાવત તેમજ પોસ્ટ વોર્ડન-ગજેન્દ્રસિંહ બારડ, રેસ્ક્યુ ઓફિસર ડો.મહાવીર નિમાવત, ડો. જયેશ તન્ના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ માટે સીવીલ ડીફેન્સ વિભાગ ગુજરાત સરકાર તરફથી ડી. એન. ઝાલાએ માર્ગદશન પૂરું પડ્યું હતું.

સાંપ્રત સમયમાં રાષ્ટ્રીય સ્તરે સર્જાયેલ પરિસ્થિતિમાં રાષ્ટ્રના નાગરિકો ને સ્વરક્ષા માટે કોઈ પણ કુદરતી કે માનવસર્જિત ઘટના સમયે સુસજ્જ રહેવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં જોડાય તેવા ઉદેશ્યથી સમગ્ર તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ તજજ્ઞ રેસ્ક્યુ ઓફિસર ડો. મહાવીર નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. જેમાં સિવિલ ડીફેન્સનું માળખું સમજાવવામાં આવ્યું હતું. ટાઈપ ઓફ વોર બાબતે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. યુદ્ધ કેટલા પ્રકારના હોઈ શકે તેમજ તેવા સમયે સામાન્ય માણસ સ્વબચાવની સાથે-સાથે કઈરીતે સમાજને ઉપયોગી થઈ શકે, તે બાબતે તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના અને પ્રો.માર્ગી દેસાઈએ જહેમત ઉઠાવી હતી.

ભવન્સ દ્વારા આજે મહાશિવરાત્રી નૃત્ય અર્પણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદ નું સાંસ્કૃતિક એકમ 'ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ' અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિ નું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુ થી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પો ને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારો ને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારો ને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા ''આઉટરીચ કલ્ચરલ પોગ્રામ'' શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમનું આયોજન ''મહાશિવરાત્રી નૃત્ય અર્પણ'' શીર્ષક સાથે કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રીના પાવન અવસર પર ભગવાન શિવ ની આરાધના ના શુત્ર હેતુથી આ કાર્યક્રમ નું આયોજન ભવન્સ જે. એ. ઓડીટોરીયમ માં કરવામાં આવેલ છે. જેમાં સમૂહ ભરતનાટ્યમની પ્રસ્તુતી અમદાવાદનાં જાણીતા નૃત્યાંગના સુશ્રી રુચાબેન ભટ્ટ અને એમના શિષ્યો દ્વારા થશે તેમજ સુશ્રી સુપ્રવા મિશ્રા ઓડીસી નૃત્ય ની પ્રસ્તુતી કરશે. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન અને ખ્યાલ રુચાબેન અને તેમની સંસ્થા કલાનયમ નર્તન અકાદમી દ્વારા કરવામાં આવેલ છે. તારીખ ૦૩જી માર્ચ ને રવિવાર, સમય સાંજે ૭.૦૦ કલાકે ભવન્સ જે. એ. હોલમાં યોજવામાં આવેલ આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક છે. રસ ધરાવતા સૌ નાગરિકોને પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી

સુકેતુ મહેતા
રક્તદાતા, સમાજસેવક

આશિષ પટેલ
રાધે રાધે ગ્રૂપ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ગાંધીનગર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો પૂર્વ ઉજવણી

''સ્ત્રીઓ સમસ્યા નથી, તેઓ ઉકેલ છે''

ગાંધીનગર, તા. ૨

પ્લેટિનમ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત ગાંધીનગર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (જીઆઈટી) એ મહિલા વિકાસ વિકાસ વિભાગ (ડબ્લ્યુડીસી) ના બેનર હેઠળ ૧ માર્ચ, ૨૦૧૯ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું પૂર્વ ઉજવણીનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટના ત્રણ સત્રો હતાં. પ્રથમ સત્રમાં, એક જિમ અને યોગ ટ્રેનર શ્રીમતી કાજલ ત્રિવેદી દ્વારા તંદુરસ્ત અને તણાવને લગતા કાર્ડિયો વર્કઆઉટનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઉત્સાહથી ભરવા માટે આ ગોઠવણ કરવામાં આવી હતી. બીજા સત્રમાં, નૃત્ય અને રંગોલી જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. છેલ્લા સત્રમાં, દિવસના મુખ્ય મહેમાન, શ્રી નેહા કુમારી દુબે દ્વારા 'વંડર વુમન ઈન સિવિલ સર્વિસિસ' પર એક સેમિનાર આપવામાં આવ્યું હતું, જે હાલમાં ગુજરાત કેડરના આઈ.એ.એસ. અધિકારી તરીકે સેવા આપે છે. તેણીએ વિદ્યાર્થીઓ સાથે તેમના વિચારો અને અનુભવો વહેંચ્યા અને તેમને સમાજમાં રહેલી સ્ત્રીઓ સામેના ભેદભાવને અવગણવા માટે પ્રોત્સાહિત કર્યા. વિદ્યાર્થીઓએ એક મહત્વપૂર્ણ સંદેશ પહોંચાડવા માટે એક સુંદર સ્કિટ પણ તૈયાર કરી. આ સત્રનો મુખ્ય વિષય સ્ત્રી સ્ત્રીને પ્રેરણા આપવા અને તેમને વિશેષ લાગે છે. ગાંધીનગર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલૉજીએ તેમના વિદ્યાર્થીઓના આરોગ્ય અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને સેનિટરી નેપકિન વેંડિંગ મશીન અને તેનું નિકાલ માટે ઈમરિનેટરનું ઉદ્ઘાટન કર્યું. ઈવેન્ટ આભાર મત સાથે સમાપ્ત. તે જી.આઈ.ટી.ના તમામ સ્ત્રી ફેક્લ્ટી કોઓર્ડિનેટર અને વિદ્યાર્થી સ્વયંસેવકો, ડૉ. એચ.એન. શાહના સંકલન સાથે સફળતાપૂર્વક પૂર્ણ થયા હતા.

શિવરંજની દ્વારા 'વસંતના વધામણાં...સુરીલાં ગીતોને સંગ'

વસંત એટલે શિયાળાના ગાત્રો થીજવતી ઠંડી પછી વાતાવરણમાં હૂંફ જેવો ગરમાવો ક્રમશઃ પોતાનું સ્થાન જમાવતો હોય ત્યારે હૈયામાં પ્રેમના હિલોળા ઉભા કરતો માદક સમય... આ સમય એટલે શિયાળાના ઠંડા અને ઉનાળાની શરૂઆતના હૂંફાળા વાતાવરણનું સંવનન જે હૈયાઓમાં પ્રેમના પગરવ મંડાવે.. આ સમય એટલે કાર્યક્રમનાં બેનરમાં ઉલ્લેખ હતો એ મુજબ પર્ણની હરિયાળીમાં ફૂલોની ફોરમને વાતાવરણમાં પ્રસરાવીને પ્રેમની નવી જ અનુભૂતિ કરાવતો અને છેલ્લે હોળીના રંગીન વાતાવરણમાં દેહ સાથે હૈયાઓને પણ રંગીન અને પ્રેમમય બનાવતો સમય.....આવી કુદરતનાં ઋતુચક્રની અદભૂત ભેટ એવી વસંતને વધાવવા ગાંધીનગરની શિવરંજની સંસ્થા દ્વારા પર્ણ, પુષ્પ અને પ્રેમનો ફુલ ગુલાબી વૈભવ લઈને આવી રહેલી વસંતને આવકારવા એક કાર્યક્રમ 'વસંતના વધામણાં...સુરીલાં ગીતોને સંગ' ગાંધીનગરટાઉનહોલમાં યોજાઈ ગયો. નીવડેલાં ગાયકો નીરજ પાઠક, આનલ વસાવડા અને પ્રહર વોરા તથા સંપદા વોરા જેવા કલાકારો. તુષાર જોશીના ઍંકરીંગ અને મયુર દવેના સંગીતના સાન્નિધ્યમાં યોજાયેલ આ કાર્યક્રમ પૂર્વ આયોજિત હોવાથી પુલવામામાં થયેલ આતંકી હુમલાને કારણે મોકુફ રાખવાનું તો શક્ય ન હતું પરંતુ આતંકી હુમલાને યાદ કરીને તેમાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા એક મિનિટ મૌન પાળીને કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

આંખો વસંતની રાહ જોતી હોય તે ભાવના વ્યક્ત કરવા જ સૂરોની સરવાણી વહેતી થતી હોય એમ પ્રહર વોરાએ પોતાનાં કંઠમાંથી જાણે કે વસંત ઋતુને આવકારવા 'જબ દીપ જલે આના' ગીત વહેતું મૂક્યું. વસંત ઋતુ ભલે પ્રેમની હોય પણ હાસ્ય અને વિરહ પણ સંકળાયેલાં હોય છે જેથી આ બન્ને ભાવ વ્યક્ત કરવાં 'તુમને મુજકો હસના શિખાયા....રોના શિખાયા...' નો ભાવ પણ સંગીતના માધ્યમથી જ વ્યક્ત થયો... છતાં વસંત તો પ્રેમસભર ઋતુ છે એ ભાવ તો ભુલાય ક્યાંથી? આ ભાવને 'મુજે તુમ સે મોહબ્બત હો ગઈ હૈ મુઝે પલકોકી છાંવમેં રહને દો' સ્વાભાવિક આ ભાવ જ સ્ફૂરે વસંત માટે કેમ કે વસંત ઋતુની સુંદરતાના વખાણ કરવા.. 'તું સુંદરતા કી મુરત હૈ...મુજે તેરી બહોત જરૂરત હૈ.....' ની સરવાણી તરત જ જોડી દેવાઈ..આ મેડલીમાં વસંત ઋતુમાં પ્રેમના એકરારમાં એકાદ સાંજ યાદગાર બની ગઈ હોય એમ 'વો શામ કુછ અજીબ હૈ..યે શામ ભી અજીબ હૈ...' નીરજ પાઠકે વહેતું કર્યું. આમ આ કર્ણપ્રિય સંગીતના મધુર શબ્દો રેલાતાં જ હોલમાં વાસંતી માહોલ તો બંધાઈ જ ગયો. કાર્યક્રમની શરૂઆત કરતા એન્કર શ્રી તુષાર જોષીએ સ્પષ્ટતા કરી કે વસંત શબ્દ જ નહીં પણ તેનો ભાવ આવી જાય એવા ગીતો કાર્યક્રમમાં રજૂ કરવા છે કે દરેક ગીતો કાર્યક્રમના અંતે સૌ શ્રોતાઓ મનમાં ભરીને જાય.

કાર્યક્રમની વિધિસરની શરૂઆત સુરેશ દલાલનીના કંઠે 'નજરોના કાંટાની હૂલ મારાં સાહ્યબા..... વીંધે હૈયુને તો ય મારા વાલમા હું ગૂલ' સુંદર રચનાથી થઈ જે સાંભળતા જ તે ગીત જાણે હૃદય સોંસરવું ઉતર્યું કે તેનાં શબ્દોની જેમ જ ગુણીજનો તાનમાં ગૂલ થયાં. આ ગુજરાતી રચના પછી ગોપાલદાસ નીરજનું 'ફુલો કેં રંગસે...દિલકી કલમ સે' નીરજ પાઠકના સ્વરમાં ખૂબ લોકપ્રિય ગીત રજૂ થયું તો ત્યાર પછી હરીન્દ્ર દવેની રચના આનલ વસાવડાએ 'સૂરજને કોઈ ઓલી પેર રોકી રાખો હજી આજની અધૂરી મારી વાત.... રૂપલે મઢી છે સારી રાત' જેવી કર્ણપ્રિય રચના રજુ કરીને દાદ મેળવી. ત્યારબાદ તુષાર જોશીએ પ્રહર વોરાને ગુજરાતી ગઝલની મેડલી સાથે રજુ કર્યાં જેમાં પ્રહર વોરાએ 'જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે', 'હું ક્યાં કહું છું આપની હા હોવી જોઈએ....' અને 'થાય સરખામણી તો ઉતરતા છીએ....' જેવી ખુબ જાણીતી અને લોકપ્રિય ત્રણ ગઝલોની મેડલી રજૂ કરીને સુંદર માહોલ બાંધ્યો.

કાર્યક્રમનો દોર આગળ વધારતાં વસંત ઋતુ વિષે જે લખાયું છે તેમાં વસંતમાં કુદરતમાં નવજીવન પ્રગટે જ છે પણ માણસમાં પણ નવું લોહી વહે છે એવો પણ ઉલ્લેખ હોવાનું જણાવીને વાતાવરણની માદકતાને રજુ કરતુ સુંદર ગીત. 'યે રાતે યે મોસમ નદીકા કિનારા યે ચંચલ હવા...' પ્રહર વોરાએ એટલી અસરકારકતા સાથે ભાવવાહી સ્વરમાં રજુ કર્યું કે આ ગીતના તાલમાં શ્રોતાઓમાં હાજર અમેરિકા સ્થાયી થયેલાં એક મહેમાન ઝુમી ઉઠ્યા અને નૃત્ય કરવાં લાગ્યાં. કાર્યક્રમ પૂર્વે શિવરંજનીના પ્રમુખ શ્રી વાગ્મિન બુચે આવા વિશિષ્ટ કાર્યક્રમની પૂર્વભૂમિકા આપી હતી તેની કાર્યક્રમ દરમ્યાન પ્રતિતિ થઈ જતાં તેઓ અમેરિકા સ્થિત હોવા છતાં શિવરંજનીનાં સભ્ય બની ગયાં. કાર્યક્રમના આગળના દોરમાં સોલી કાપડિયાએ ગાયેલી અને મુકુલ ચોકસીની રચના 'પ્રેમ એટલે સાવ ખુલ્લી આંખોથી થતો અને અણધાર્યો વાયદો...' નીરજ પાઠકે રજુ કર્યું તો આનલ વસાવડાએ એકદમ જાણીતી અને લોકપ્રિય રચના 'પિયા તોસે નેના લાગે રે' બખૂબી રજૂ કરી.

તુષાર જોશીએ માણસ પોતે બાહ્ય કે મનની ભીતરની પરિસ્થિતિનો સ્વીકાર કરી શકે તો પણ એ વસંત જ છે એવી ભૂમિકા સાથે પ્રહરને સાહિર લુધિયાનવીની રચના 'મેં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા' રજૂ કરી અને માણસ દરેક પરિસ્થિતિને આ રીતે દુઆ સમજીને હળવાશથી લે તો વસંત આવે જ એવી ફિલસૂફી રજૂ કરી. ત્યારબાદ 'દિલકા ભંવર કરે પુકાર'ની પ્રસ્તુતિ થઈ. સંપૂર્ણસિંગ કાલરા એટલે કે ગુલઝારની રચના 'તુમ આ ગયે હો.. નૂર આ ગયા હૈ' નીરજ પાઠક અને આનલ વસાવડા એ અદભૂત રીતે રજુ કરીને સર્વે ગુણીજનોને મંત્ર મુગ્ધ કરી દીધાં. કાર્યક્રમના ત્યાર પછીના દોરમાં 'ઋતુ વસંત'ની શાસ્ત્રીય રાગ આધારિત રચના પ્રહર વોરાએ ઉસ્તાદી અદાથી રજૂ કરીને કાર્યક્રમને ઉંચાઈ બક્ષી. અહીં ઉલ્લેખ કરવો ઘટે કે આવી શાસ્ત્રીય પ્રકારની રચના શિવરંજનીના ઓડીયન્સ પાસે જ રજૂ કરી શકાય.

લગ્ન વખતે સામસામે બેસતા પતિ પત્ની ત્યાર પછી હંમેશા બાજુ બાજુમાં બેસે છે કેમકે સામે દુનિયાને જોઈને તેમાંથી સુખ શોધી લેવાની અને એક હુંફાળો માળો બાંધવાની કળા શીખવાની છે. આમ બને તો જીવનમાં વસંત વ્યાપે એવી પોતાની વાત રજૂ કરીને તુષાર શુક્લની રચના 'હળવે હળવે શીત લહેરમાં ઝૂલી રહી છે ડાળો....રચીએ એક હુંફાળો માળો' પ્રહર વોરા અને સંપદા વોરાના ભાવવાહક સ્વરોમાં રજુ થઈ. કાર્યક્રમમાં વસંતનો માહોલ તો ક્યારનો બંધાઈ ચૂક્યો હતો પણ દંપતી દ્વારા હુંફાળો માળો રચવાની વાત આ સુંદર રચના થકી બખૂબી રજૂ થઈ. વસંતનો એક અર્થ ઉમળકાથી મળવાનો થાય છે જેથી અંકિત ત્રિવેદીની 'સાત સુરોના સથવારે અમે તમને મળવા આવ્યા'ની રચના રજૂ કરી તો વિનોદ જોશીની સ્ત્રી સંવેદનાની 'મોર ટહુકા કરે'ની રચના સંપદા અને આનલ વસાવડાએ ડ્યૂએટમાં રજુ કરી.

પંચમદાના સંગીત સાથેની રાજેન્દ્ર કૃષ્ણની રચના 'કહેના હૈ કહેના હૈ... આખિર તુમસે પહેલી બાર' નીરજ પાઠકના ઘેરા અને કર્ણપ્રિય અવાજમાં રજૂ થતાં શ્રોતાઓ પણ સોથે જ ગુનગુનાવવા લાગ્યા.

તુષાર જોષીએ રજનીશજીને યાદ કરીને કહ્યું કે અવસર તો આપણને કેલેન્ડર જ યાદ દેવડાવે છે પણ જ્યારે અંદરથી આનંદ આવે તો એ વસંત જ કહેવાય. આવો આનંદ આપતી આનલ વસાવડાના કંઠે રજૂ થયેલ રચના 'અબ તો હે તુમસે હર ખુશી અપની...' ખૂબ સુંદર આલાપ સાથે રજુ થઈ.

નીરજ પાઠક અને પ્રહર વોરાએ 'હૂજુર ઈસ કદર ભી ના ઈતરાતે ચલિએ..' રજુ કર્યું. હોળી ધુળેટી વગર વસંત અધૂરી ગણાય આથી અમિતાભના કંઠે ગવાયેલ 'રંગ બરસે ભીગે ચુનરીયા રંગ બરસે...' પ્રહર વોરાએ રજૂ કર્યું જેમાં સુંદર રીતે એક બીજા લોકપ્રિય હોળી ગીત 'હોલી ખેલે રઘુબીરા અવધમેં હોલી ખેલે રઘુબીરા...' આવરી લીધું. કાર્યક્રમના અંતે પાંચ-સાત ગીતોની મેડલી રજૂ કરીને કાર્યક્રમને રંગીન બનાવ્યો. જેમાં 'તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે... ', 'ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના' 'મારુ મન મોર બની થનગાટ કરે' અને છેલ્લે 'કસુંબીનો રંગ' જાણે કે અત્યારથી વધામણાંને માન આપીને વસંત આવી જ પહોંચી હોય એવા જીવંત માહોલ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો. આવા ચોક્કસ થીમ બેઝ કાર્યક્રમો પિરસવાનો ઉપક્રમ જાળવી રાખીને સાચા સંગીતની રસલ્હાણ કરવા બદલ શિવરંજની ટીમ અભિનંદનને પાત્ર છે.

- નરેશ ઝીંઝુવાડીયા

વાત ડુંગળીચોરની

ચંપારણ હિંદુસ્તાનના એવા ખૂણામઆં આવ્યું હતું ને ત્યાંની લડતને છાપાં બહાર એવી રીતે રાખી શકાઈ હતી કે ત્યાં બહારથી જોનારા આવતા નહોતા. ખેડાની લડત છાપે ચડી ચૂકી હતી. ગુજરાતીઓને આ નવી વસ્તુમાં રસ સારી પેઠે આવતો હતો. તેઓ ધન લૂંટવવા તૈયાર હતા. સત્યાગ્રહની લડત ધનથી નથી ચાલી શકતી, તેને ધનની ઓછામં ઓછી આવશ્યકત રહે છે, એ વાત તેમને ઝટ સમજવામાં નહોતી આવતી. રોકતાં છતાં પણ મુંબઈના શેઠિયાઓએ જોઈએ તેનાં કરતાં વધારે પૈસા આપ્યાં હતા ને લડતન્મે અંતે તેમાન્થી કંઈકર રકમ બચી હતી.

બીજી તરફથી સ્ત્યાગ્રહી સેનાને પણ સાદાઈનો નવો પાથ શીખવાનો રહ્યો હતો. પૂરો પાઠ શીખી શક્યાં એમ તો ન કહી શકું, પણ તેમણે પોતાની રહેણીમાં ઘણોક સુધારો તો કરી લીધો હતો.

પાટીદારોને સારુ પણ આ લડત નવી હતીગામેગામ ફરીને તેનું રહસ્ય સમજાવવુંપડતું. અમલદારો પ્રજાના શેઠ નથી પણ નોકર છે, પ્રજાના પૈસામાંથી તેઓ પગાર ખાનારા છે, એ સમજાવી તેમનો ભય દૂર કરવાનું કામ મુખ્ય હતું. અને નિર્ભય થતાં છતાં વિનય જઆળવવાનું બતાવવું ને ગળે ઉતારવું લગભગ અશક્ય જેવું લાગતું હતું. અમલદારોનો ડર છોડ્યાં પછી તેમણે કરેલાં અપમાનોનો બદલો વાળવાનું મન કોને ન થાય? છતામ્ સત્યાગ્રહી અવિનયી થાય એ તો દૂધમાં ઝેર પડ્યાં સમાન ગણય. વિનયનો પાથ પાટીદારો પૂરો નહોતો ભણી શક્યા એ પાછળથી હું વધારે સમજ્યો. અનુભવે જોઉં છું કે, વિનય સત્યાગ્રહનો કઠિનમાં કઠિન અંશ છે. વિનય એટલે માન પૂર્વક વચન ઉચ્ચારણ એટલો જ અર્થ અહીં નથી. વિનય એટલે વિરોધી પ્રત્યે પણ મનમાં આદર, સરળ ભાવ, તેના હિતની ઈચ્છા ને તે પ્રમાણે વર્તન.

પ્રથમના દિવસોમાં લોકોની હિંમત ખૂબ જોવામાં આવતી હતી. પથમના દિવસોમાં સરકારી પગલાં પણ મોળાં હતાં. પણ જેમ લોકોની દ્રઢતા વધતી જણાઈ તેમ સરકારને વધારે ઉગ્ર પગલાં ભરવાનું મન થયું. જમીદારોએ લોકોનાં ઢોર વેંચ્યાં, ઘરમાંથી ગમે તે માલ ઘસડી ગયા. ચોથાઈની નોટિસો નીકળી. કોઈ આમનો આખો પાક જપ્ત થયો. લોકોમાં ગભરાટા છૂટ્યો, કેટલાકે મહેસૂલ ભર્યું, બીજા પોતાનો માલ જપ્ત કરીને અમલદારો મહેસૂલ વસૂલ કરી લે તો છૂટ્યા એમ મનમાં ઈચ્છવા લાગ્યા. કેટલાક મરણિયા પણ નીકળ્યા.

આવામાં શંકરલાલ પરીખની જમીનનું મહેસૂલ તેમની જમીન ઉપર રહેતા માણસે ભર્યું, તેથી હાહાકાર થયો. શંકરલાલ પરીખે તે જમીન કોમને આપી દઈ પોતાના માણસ્થી થયેલા દોષનું પ્રાયશ્ચિત કર્યું, તેમની પ્રતિષ્ઠા જાળવાઈ, બીજાઓને દાખલો બેઠો.

ડરી ગયેલાઓને પ્રોત્સાહન દેવા સારુ, એક અયોગ્ય રીતે જપ્ત થય્લા ખેતરનો તિયાર થયેલો ડુંગલીનો પાક હતો , તે મોહનલાલ પંડ્યાની આગેવાની નીચે ઉતારવાની મેં સલાહ આપી. મારી દ્રષ્ટિએ એમાં કયદાનો ભંગ થતો નહોતો. પણ જો થતો હોય તો યે, જરા જેટલી મહેસૂલને સરુ આખા ઈભ પકની જમી એ કાયદેસર હોય છતાં, નીતિ વિરુદ્ધ છે ને ચોખ્ખી લૂંટ છે ને તેવી રીતે થયેલી જમીનો અનાદર કરવાનો ધર્મ છે, એમ મેં સૂચવ્યું. તેમ કરવામાં જેલ જવાનું ને દંડ થવાનું જોખમ હતું તે લોકોને સ્પષ્ટ કરી બતાવ્યું હતું. મોહનલાલ પંડ્યાને તો એ જ જોઈતું હતું. સત્યાગ્રહથી અવરોધે એવી રીતે કોઈના જેલ ગયા વિના ખેદાની લડત પૂરી થાયે એ તેમને ન ગમતી વાત હતી. તેમણે આ ખેતરની ડુંગળી ઉતારવાનું બીડું ઝડપ્યું. તેમને સાત આઠ જણે સાથ આપ્યો.

સ્રકાર તેમને પકડ્યા વિના કેમ રહે? મોહનલાલ પંડ્યાને તેમના સાથીઓ પકડાયા એટલે લોકોનો ઉત્સાહ વધ્યો. જ્યાં લોકો જેલ ઈત્યાદિને વિષે નિર્ભય બને છે ત્યાં રાજદંડ લોકોને દબાવવાને બદલે તેમને શૌર્ય આપે છે.કચેરીએમાં લોકોના ટોળાં કેસ જોવા ઊભરાયા.પંડ્યા અને એમના સાથીઓને ટૂંકી જેલ થઈ. હું માનું છું કે કોર્ટનો ઠરાવ ભૂલ ભરેલો હતો. ડુંગળી ઉપાડવાની ક્રિયા ચોરીની કાનૂની વ્યાખ્યામાં નહોતી સમાતી. પણ અપીલ કરવાની કોઈની વૃત્તિ જ નહોતી.

જેલીઓને વળાવવા સરઘસ ગયુ, ને તે દિવસથી મોહનલાલ પંદ્યા 'ડુંગળીચોર' નો માનીતો ઈલકાબ લોકો પાસેથી પામ્યા તે આજ લગી તેઓ ભોગવે છે.

'સત્યના પ્રયોગો'માંથી સાભાર